સત્યમેવ જયતે

દાખલ તારીખ :– ૦૭–૦૬–૨૦૨૪
**ફેસલ તારીખ :– ૦૧–૦૫–૨૦૨૬**
સમયગાળો :–<u>વર્ષ–માસ–દિવસ</u>
૦૧–૧૦–૨૪

**<u>રાજકોટના ૦૯ માં અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મું. રાજકોટ</u>**

**ફોજદારી કેસ નંબર : <u>૧૨૪૭૧/૨૦૨૪</u>**
**આંક–૨૬**

**ફરીયાદી :–** **ભગીરથસિંહ જાલમસિંહ વાળા**
**રહે.લાખાજીરાજ, કવાર્ટર નં.૨૦૦,**
**ઉધોગનગર કોલોની, ગોંડલ રોડ,**
**રાજકોટ.**

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપી :–** **રાજેશભાઈ પરસોતમભાઈ પરમાર**
**રહે."ચામુંડા નિવાસ", લક્ષ્મીનગર–૩,**
**નાનામવા રોડ, રાજકોટ.**

**<u>ફરીયાદ :– નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.</u>**

// ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી પી. ડી. રાજયગુરૂ //
// આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી એન. સી. ઠકકર //

**<u>–::ચુકાદો::–</u>**

**<u>ફરીયાદીની હકિકત :-</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકિકત એવી છે કે, આરોપી રાજેશભાઇ પરસોતમભાઇ પરમારને નાણાકીય જરૂરીયાત ઉપસ્થિત થતા આરોપીએ ફરીયાદી ભગીરથસિંહ પાસે હાથઉછીના નાણાની માંગણી કરેલ જેથી ફરીયાદીએ આરોપીની જરૂરીયાત મુજબ સંબંધના દાવે રૂા.૩૦,૦૦૦/- અંકે રૂપીયા ત્રીસ હજાર પુરા રોકડા તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ હાથ-ઉછીના આપેલ અને આ રકમ આપતી વખતે આરોપીએ ફરીયાદીને પ્રોમીસરી નોટ કરી આપેલ અને આરોપીએ ફરીયાદીને જણાવેલ કે આ ઉછીની રકમની ફરીયાદીને જરૂરીયાત ઉપસ્થિત થશે ત્યારે પોતે તુરત જ પરત ચુકવી આપશે તેવુ પાકુ વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ. ત્યારબાદ ફરીયાદીને આરોપીને હાથઉછીના આપેલ નાણાની જરૂરીયાત ઉપસ્થિત થતા આરોપી પાસેથી નાણાની માંગણી કરતા આરોપીએ ફરીયાદીને હાથઉછીની લેણી રકમ રૂા.૩૦,૦૦૦/- અંકે રૂપીયા ત્રીસ હજાર પુરાનો કોટક મહિન્દ્રા બેંક લી., પેલેસ રોડ શાખા, રાજકોટના ચેક નં.૦૦૦૦૨૧, તા.૨૦/૦૪/૨૦૨૪ ના રોજનો સહી કરી ફરીયાદીને આપેલ અને આ ચેક આપતી વખતે આરોપીએ ફરીયાદીને એવુ વચન, વિશ્વાસ અને ખાત્રી આપેલ કે સદરહુ ચેક ખાતામા જમા કરાવ્યેથી લેણી નીકળતી રકમ વસુલ મળી જશે. જેથી આરોપીના વચન, વિશ્વાસ અને ખાત્રી ઉપર ભરોસો રાખી ફરીયાદીએ સદરહુ ચેક તેઓની બેન્ક એચ.ડી.એફ.સી. બેંક લી., ભકિતનગર સર્કલ સર્વિસ શાખા, રાજકોટમાં તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ જમા કરાવતા સદરહુ ચેક "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે પરત ફરેલ જે અંગેની જાણ ફરીયાદીને બેંક મારફત થયેલી. જેથી ફરીયાદીએ આરોપીને તા.૧૭/૦૫/૨૦૨૪ ના રોજ તેમના વકીલ મારફત આરોપીને નોટીસ મોકલેલ જે નોટીસ આરોપીને તા.૨૦/૦૫/૨૦૨૪ ના રોજ મળી ગયેલ છે તેમ છતા આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ ચુકવેલ નથી. જેથી હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ રજુ કરી, આરોપીને સજા અંગે યોગ્ય હુકમો કરવા તથા ફરીયાદીને વળતર ચુકવવા અંગેના હુકમો કરવા વિનંતી કરેલ છે.

**<u>આરોપીની હાજરી અને તેમનું નિવેદન :–</u>**

(૨) આરોપીને સમન્સ/વોરંટ બજતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિનામુલ્યે આરોપીને પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ હેઠળ **આંક–૧૩** થી પ્લી નોંધી ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો અને ન્યાયિક કાર્યવાહીની માંગણી કરતાં ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા સુચના આપવામાં આવેલ. ત્યારબાદ અત્રેની અદાલત દ્વારા તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ આંક–૧ લગત હુકમ કરી હાલનુ કામ સમન્સ ટ્રાયલ તરીકે ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે :–**

**મૌ ખિ ક પુ રા વો ::–**

| સાહેદ | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી ભગીરથસિંહ જાલમસિંહ વાળાનુ પુરાવાનુ સોગંદનામું | ૦૪ |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અનુક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | આરોપીએ આપેલ ચેક નં.૦૦૦૦૨૧ અસલ | ૧૪ |
| ૨. | આરોપીના ચેક નં.૦૦૦૦૨૧ નો રીટર્ન મેમો | ૧૫ |
| ૩. | ફરીયાદીએ આપેલ નોટીસ | ૧૬ |
| ૪. | નોટીસ રજી.એ.ડી. કર્યાની પોસ્ટની પહોંચ | ૧૭ |
| ૫. | પ્રોમીસરી નોટ, તા.૧૦/૦૮/૨૦૨૩ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૬. | રજી. એ.ડી. બજયા અંગેનો પોસ્ટ ખાતાનો ઓનલાઇન ટ્રેક રીપોર્ટ | ૧૯ |
| ૭. | ફરીયાદીના આધારકાર્ડની નકલ | ૨૦ |

**આમ ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ થતા આ સીવાય ફરીયાદપક્ષે અન્ય કોઇ વધુ પુરાવો રજુ કરવા માંગતા ન હોય <u>આંક–૨૩</u> થી કલોઝિંગ પુરસીશ રજુ કરવામાં આવે છે.**

**<u>આરોપીનું વિશેષ નિવેદન :–</u>**

(૪) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષ ધ્વારા આંક–૦૪ થી સરતપાસનું સોગંદનામું રજુ રાખ્યા બાદ ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે આરોપી પક્ષને પુરતી અને વ્યાજબી તકો આપવામાં આવ્યા બાદ પણ આરોપીપક્ષે ફરીયાદીની ઉલટતપાસ માટે કોઈ જ સક્રિય પ્રયત્ન કરેલ ન હોય જેથી ફરીયાદપક્ષની **આંક–૨૨** ની અરજી અન્વયે આરોપીનો ફરીયાદીની ઉલટતપાસ કરવાનો પોતાનો હકક બંધ કરવામા આવેલ છે. ત્યારબાદ પણ આરોપીપક્ષ ધ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવાનો પોતાનો હક્ક ખોલવા માટે કોઈ અરજ અહેવાલ અત્રેની કોર્ટ સમક્ષ કરવામાં આવેલ નથી. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ:૩૧૩ મુજબનું વિશેષ નિવેદન આરોપી હાજર રહેતા ન હોય ફરીયાદપક્ષે **આંક–૨૪** ની અરજી અન્વયે વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરીયાદી તરફે દલીલો સાંભળેલ છે કે, ફરીયાદીએ પોતાનો કેસ વ્યાજબી પુરાવાથી પુરવાર કરેલ છે. જયારે આરોપી તરફે કોઈ બચાવ લેવામાં આવેલ નથી. દલીલ માટે આરોપીને પુરતી તક આપવા છતાં આરોપી હાજર રહેતાં ન હોય તેમજ કેસની કાર્યવાહી જાણી–જોઇને વિલંબમાં નાંખેલ હોય, ફરીયાદીએ **આંક–૨૫** થી આપેલ અરજી ઉપર કરેલ હુકમ મુજબ આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે. આરોપી તરફે આજદીન સુધી સદર હક્ક ખોલાવવા માટે કોઇ અરજી પણ

કરવામાં આવેલ નથી કે સદર હુકમને આજદીન સુધી એપેલેટ કોર્ટમાં પડકારેલ હોય તેવી કોઈપણ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

(૫) આમ, ફરીયાદીની ઉલટ તપાસ પણ કરવામાં આવેલ ન હોય તેવાં સંજોગોમાં ફરીયાદી સરતપાસ ઉપર જે હકિકત જણાવે છે તે ન માનવાને કારણ નથી. આરોપીએ કલમ-૧૩૯ ના મુજબના અનુમાનનું કોઈ ખંડન કરેલ નથી, જેથી આવા સંજોગોમાં ફરીયાદીનુ કાયદેસરનું લેણું પુરવાર થતુ હોય, તેમજ કલમ-૧૩૮ ના તત્વો પુરવાર થતા હોય, આરોપીઓને વધુમાં વધુ સજા કરી વળતર અપાવવા રજુઆત કરેલ છે.

**(૬) સબબ ઉપરોકત હકિકતે આ કેસના આખરી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ છે.:-**

(૧) શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ પોતાના કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને ચેક નં.૦૦૦૦૨૧, રૂ.૩૦,૦૦૦/- નો આપેલ જે ચેક ફરીયાદીએ પોતાના બેંક ખાતામાં રજુ કરતા "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત ફરતાં ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાં છતાં આરોપીએ ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૭) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

**<u>ઉપરોકત જવાબોના મારા કારણો નીચે મુજબ છે.</u>**

**-::કારણો::-**

**મુદ્દા નં. ૧:-**

(૮) ફરીયાદીએ હાલની ફરીયાદ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ભંગ બદલની કરેલ છે.

**મુદ્દા નં.૧ ની ચર્ચા કરતા પહેલા કલમ-૧૩૮ પુરવાર કરવા માટે નીચે મુજબના તત્વો પુરવાર કરવા આવશ્યક છે.**

૧. આરોપીએ પોતાના ખાતામાંથી ફરીયાદીને નાણાંની ચુકવણી કરવા ચેક લખેલ હોવો જોઈએ.

૨. આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક, જે તારીખે લખ્યો તે તારીખથી છ માસમાં (હાલમાં ૩ માસમાં) બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઈએ.

૪. ચેક ખાતામાં જમા કરાવતા અપુરતા ભંડોળના કે અન્ય કારણોસર વણ-ચુકવાયેલ કારણે પરત થયેલ હોવો જોઈએ.

૫. ચેક પરત ફર્યાની બેંકમાંથી માહીતી મળ્યા બાદ ફરીયાદીએ એક માસમાં નાણાંની લેખિત માંગણી કરેલ હોવી જોઈએ.

૬. આરોપીને લેખિત માંગણીવાળી નોટીસ બજી ગયેલ હોવી જોઈએ અને આરોપીને બજવણી થયાથી દીન-૧૫ માં ચેકની રકમ ચુકવવામાં કસુર કરેલ હોવી જોઈએ.

૭. ત્યારબાદ એક માસમાં ફરીયાદ થયેલ હોવી જોઈએ.

**(૯) આમ, જો આ તમામ તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ એકટની કલમ ૧૩૮ નો ગુનો સાબિત થયાનુ માની શકાય.**

સદર કામ અંગેનું સૌ પ્રથમ આવશ્યક તત્વ એ છે કે તકરારી ચેક કાયદેસરનુ દેવુ કે જવાબદારી પુરેપુરી કે અંશત: અદા કરવા માટે આપેલ હોવો જોઈએ. જે હકિકત પુરવાર કરવા અંગે સાબિતીનો પ્રારંભિક બોજો ફરીયાદી ઉપર રહે છે. જે બોજાનુ ફરીયાદી વહન કરે કે તુરંત જ એન. આઇ. એકટની કલમ ૧૩૯ અન્વયે ચેક ધારણ કરનાર યાને કે હાલના ફરીયાદીની

તરફેણમા તેમજ ચેક આપનાર યાને કે હાલના આરોપીની વિરૂધ્ધમાં કાયદાકીય અનુમાન કરાવનુ રહે છે. જે અનુસાર તકરારી ચેક કાયદેસરના દેવા કે જવાબદારીને સપૂર્ણત: કે અંશત: ચુકવણી કરવા માટે જ આપવામાં આવ્યો હોવાનુ અનુમાન કરવાનું રહે છે. સદર અનુમાન કાયદાકીય અનુમાન છે અને જે ખંડનાત્મક અનુમાન  છે. ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો સંપૂર્ણ બોજો આરોપી ઉપર રહે છે. સદર ખંડનાત્મક પુરાવો પુરાવો રજુ કરવા માટે કોઇ સીધો કે પ્રત્યક્ષ પુરાવો હોવો જોઇએ તેવુ જરૂરી નથી. આરોપી કેસના રેકર્ડ ઉપર તેવા સંજોગોથી પ્રસ્થાપિત કરી શકે કે જેનાથી તકરારી ચેક કોઇ કાયદેસરના દેવા માટે આપ્યો જ ન હોવાની સંભાવના ઘણી જ પ્રબળ હોય તો તેનાથી પણ સદર અનુમાનનું ખંડન થયાનું ગણી શકાય છે.

(૧૦) ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે **<u>આંક-૦૪</u>** થી સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ છે જેમાં ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ તમામ હકિકતો સરતપાસમાં અક્ષર સહ: જણાવેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ આરોપીએ ફરીયાદીને ચેક નં.૦૦૦૦૨૧ તા.૨૦/૦૪/૨૦૨૪ નો કોટક મહિન્દ્રા બેન્ક લી., પેલેસ રોડ શાખા, રાજકોટનો ચેક આપેલ. જે ચેકમાં આરોપીએ સહી કરીને આપેલ હતો. ઉપરોકત ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં વટાવવા રજુ કરતાં તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ **"FUNDS INSUFFICIENT"** ના કારણે પરત ફરેલ છે.

આમ, આરોપીએ ચેકની રકમ ભરપાઇ ન કરી કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ છે. આરોપીને ફરીયાદીની ઉલટતપાસ કરવા માટે પુરતી તક આપવા છતાં આરોપીએ ઉલટ તપાસ કરેલ ન હોય, **<u>આંક-૨૨</u>** થી ફરીયાદી તરફે રજુ અરજી ઉપર હુકમ કરી ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો આરોપીનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આરોપી તરફે આજદીન સુધી ઉલટતપાસનો હક્ક ખોલવા માટે કોઇ અરજી પણ કરવામાં આવેલ નથી કે સદર હુકમને એપેલેટ કોર્ટમાં પડકારેલ પણ નથી. ફરીયાદી જે હકિકતો સોગંદ ઉપર જણાવે છે તે તમામ હકિકતો પડકાર્યા વિનાની છે. ફરીયાદીએ જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે તે તમામ દસ્તાવેજી પુરાવાઓ પણ પડકાર્યા વિનાના છે.

જયારે હકિકતો પડકાર્યા વિનાની હોય ત્યારે ફરીયાદી સોગંદ ઉપર સત્ય હકિકતો જણાવે છે તે માનવાને કારણ રહે છે. વધુમાં કલમ–૧૩૯ અને કલમ–૧૧૮ નું અનુમાન પણ ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે. તે અનુમાનની ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની છે. પરંતુ આરોપી તરફે ફરીયાદીએ જણાવેલ કોઇ હકિકતો પડકારેલ નથી, જેથી આરોપીએ અનુમાન કોઇ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. આવા સંજોગોમાં આરોપીએ કાયદેસરના દેવા પેટે ફરીયાદીને પોતાની સહીવાળો ચેક આપેલ હોવાનુ પુરવાર થાય છે.

(૧૧)વધુમાં **<u>એ.આઇ.આર. ૨૦૧૦ (સુપ્રિમ કોર્ટ) ૧૮૯૮ રંગપ્પા વિરૂધ્ધ મોહન</u>** ના ચુકાદાથી નામ.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, કલમ–૧૩૯ ના અનુમાનમાં કાયદાકીય અમલને પાત્ર વ્યવહાર અથવા તો જવાબદારીનુ અસ્તિત્વ હોવાનો સમાવેશ થાય છે. સદર અનુમાન એ ખંડનાત્મક અનુમાન છે. આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર દેવું અથવા તો જવાબદારીનું અસ્તિત્વ ન હોવા બાબતે પોતાનો બચાવ રજુ કરી શકે છે. પરંતુ ફરીયાદીને લાભ કરે તેવું પ્રારંભિક અનુમાન હોવા બાબતે કોઇ શંકા નથી. કલમ–૧૩૯ નો સમાવેશ કાયદા ઘડનાર દ્વારા વટાઉખતની વિશ્વસનીયતામાં સુધારો કરવાના આશયથી કરવામાં આવ્યો છે. કલમ–૧૩૮ દ્વારા ચેકનો અસ્વિકાર થયાનાં કિસ્સામાં સખત ફોજદારી ઉપાય મળે, જયારે કલમ–૧૩૯ માં કરવામાં આવેલ ખંડનાત્મક અનુમાનની જોગવાઇ ઇન્સાફી કાર્યવાહીમાં થતી વિલંબ અટકાવવા માટે છે. તેમ છતાં યાદ રાખવું જરૂરી છે કે, કલમ–૧૩૮ દ્વારા સજાને પાત્ર ગુનાને રેગ્યુલેટરી ઓફેન્સ તરીકે ઉલ્લેખવો જોઇએ. કારણ કે ચેકનો અસ્વિકાર થવો એ મોટાભાગે દીવાની અપકૃત્ય હોય છે અને જેની અસર મોટા ભાગે વ્યાપાર સાથે સંકળાયેલ હોય તેવા ખાનગી પક્ષકારો ઉપર થાય છે. તે કારણસર આરોપી ઉપર જે ખંડનાત્મક પુરાવાનો બોજો છે તે નાહક ઉચ્ચ ધોરણો દર્શાવતી સાબિતીનો હોવો

જોઈએ નહી. જે હકિકત ધ્યાને લેતાં જયારે આરોપીએ અનુમાનનું ખંડન કરવું હોય ત્યારે સાબિતીનું ધોરણ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીથી થવું જોઈએ. માટે જયારે આરોપી કાયદાકીય રીતે અમલને પાત્ર હોય તેવું દેવું અથવા જવાબદારી સામે શંકા ઉપસ્થિત થાય તેવો બચાવ ઉભો કરવામાં સફળ થાય તો ફરીયાદપક્ષનો કેસ નિષ્ફળ થઈ શકે. આરોપી આવો બચાવ ઉભો કરવા માટે ફરીયાદપક્ષ તરફથી જે સામગ્ર રજુ કરવામાં આવી હોય તેના ઉપર આધાર રાખી શકે અને તે સંજોગોમાં અમુક કેસમાં આરોપીએ પોતાનો પુરાવો રજુ કરવો જરૂરી હોતો નથી. વધુમાં સદર ચુકાદાથી એવો પણ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, કલમ–૧૩૯ અન્વયેના અનુમાન ખંડન કરવા માટે આરોપી તરફે જે બચાવ લેવામાં આવ્યો હોય તે બચાવ સામાન્ય બુધ્ધિ ધારણ કરનાર માણસ સ્વિકારી શકે તેવો સંભવિત બચાવ હોવો જોઈએ. સબબ સદર ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર હાલના કેસમાં પણ તકરારી ચેક આરોપીએ પોતાના કાયદેસર રીતે અમલને પાત્ર થઈ શકે તેવાં દેવા કે જવાબદારીની ચુકવણી પેટે આપ્યો હોવાની હકિકતને અનુમાન કરવામાં આવે છે.

હવે એ નક્કિ કરવાનું રહે છે કે, આરોપીએ સદર અનુમાનનું ખંડન કરેલ છે કે કેમ ? જો આરોપીએ અનુમાનનું ખંડન કર્યાનું પ્રસ્થાપિત થાય તો તકરારી ચેક અંગે કોઈ કાયદેસરની લેણી રકમ હતી તેવી હકિકત પુરવાર કરવા અંગે સાબીતીનો બોજો ફરીયાદીના શીર ઉપર શિફ્ટ થાય તેમ છે. આ કામે આરોપી તરફે કોઈ સીધો કે પ્રત્યક્ષ ખંડનાત્મક પુરાવો રજુ કરવામાં આવ્યો નથી. આરોપી તરફે ફરીયાદીની ઉલટ તપાસ કરીને અથવા તો રેકર્ડ ઉપર રહેલી સામગ્રી દ્વારા સદર સ્ટેચ્યુટરી અનુમાનનું ખંડન કરેલ નથી. ઉપરોકત રંગપ્પા ચુકાદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અનુસાર આરોપીએ આ કામે લીધેલ બચાવ સંભવિત બચાવ છે કે કેમ, તે પણ નક્કિ કરવાનું રહે છે. તે હકિકત

નક્કિ કરવા માટે હાલના કેસમાં આરોપી તરફે ઉલટ તપાસ દરમિયાન તેમજ દલીલો દરમિયાન ઉપસ્થિત કરેલ બચાવ ધ્યાને લેવાનાં રહે છે. પરંતુ આ કામે આરોપી તરફે કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ ન હોય તેમજ કોઈ દલીલો કરવામાં આવેલ ન હોય, આરોપી તરફે કલમ-૧૩૯ ના અનુમાનનું કોઈ વ્યાજબી ખંડન કરેલ નથી.

**(૧૨)** આમ, ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદીની જુબાની તથા ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને રાખતાં ફરીયાદીનુ કાયદેસરનું લેણું પુરવાર થાય છે. આરોપીએ કલમ-૧૩૯ અને કલમ-૧૧૮ ના અનુમાનનું કોઈ વ્યાજબી સબળ પુરાવાથી ખંડન કરેલ નથી. વધુમાં સબબ તકરારી ચેક સમય મર્યાદામાં બેંકમાં જમા કરાવેલ હોવાનું તથા તે ચેક તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત ફરેલ હોવાનું તથા ફરીયાદીએ સમય મર્યાદામાં આરોપીને નોટીસ મોકલાવેલ હોવાનું અનુમાન કરી શકાય. જેથી આરોપીને નોટીસ બજી ગયેલ હોવા છતાં આરોપીએ સમય મર્યાદામાં રકમ ચુકતે કરેલ ન હોય ફરીયાદીએ સમય મર્યાદામાં હાલની ફરીયાદ આરોપી વિરૂધ્ધ કરેલ હોવાનું પુરવાર કરેલ હોય "**મુદા નં.૧**" નો જવાબ "**હકારમાં**" આપી આરોપીને તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>સજા અંગે સાંભળ્યા.</u>**

**(૧૩)** ફરીયાદીને સાંભળ્યા. રેકર્ડ જોતાં આરોપી ઘણી મુદતોથી હાજર રહેલ નથી. આજ રોજ પણ આરોપીને હાજર રહેવા માટે છેલ્લી મુદત આપેલ હોવા છતા આરોપી કે તેના વિ.વ.શ્રી હાજર નથી. કોઈ મુદત રીપોર્ટ નથી. જેથી આવા સંજોગોમાં આરોપીની ગેરહાજરીમાં જજમેન્ટ જાહેર કરવું ન્યાયોચિત જણાય છે.

વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ***Sharad Jethalal Savla - Applicant Versus State of Gujarat & others ( 2017 3 GLH 146)*** ચુકાદાના પેરા–નં.૨૨ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, So far as the first question is concerned as regards the pronouncement of the judgement and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial court. આમ નીચલી કોર્ટે આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ કરેલ તે નામ.કોર્ટે યોગ્ય ઠેરવી નીચલી કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો ન હોવાનું ઠરાવેલ છે.

**(૧૪)** આમ, હાલના કેસમાં આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ જાહેર કરવો ન્યાયોચિત જણાય છે. આ કામે સજાના સંદર્ભે કેસની હકિકત ધ્યાને લઈએ તો આરોપીની પ્લી ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૨૫૧ મુજબ લેવામાં આવેલ છે અને તે આધારે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. કાયદાની કલમ–૨૫૫(૨) મુજબ આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે તો આરોપીને સજા અંગે સાંભળવા ફરજીયાત નથી. સજાના સંદર્ભમાં કેસની હકિકત ધ્યાને લઈએ તો નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ એ સ્પેશ્યલ એકટ છે અને તેમાં તેના ભંગ બદલ બે વર્ષ સુધીની કેદની સજા અથવા દંડ કે ચેકની રકમ કરતાં બે ગણા સુધી અથવા બંને થઈ શકે છે.

**(૧૫)** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪ ધ્યાને લેવામાં આવે તો સ્પેશ્યલ એકટમાં કરવામાં આવેલ સજાની જોગવાઈને આધારે તે મુજબ કોર્ટને આરોપીને તકસીરવાન ઠરાવવાની અને દંડ કરવાની સત્તા છે. સજા સંદર્ભે આરોપી તરફે રેકર્ડ ઉપરની હકિકતો ધ્યાને લઈએ તો તથા આરોપીની ઉંમર, તેમની કૌટુંબિક જવાબદારી તથા પ્રથમ ગુનો હોય તેથી બે વર્ષ પુરેપુરી સજા કરવી યોગ્ય જણાતુ નથી. સામાન્ય રીતે સજાની માત્રા કેટલી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી અદાલત

તથા નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. તે મુજબ સજા અત્યંત હળવી ન હોવી જોઈએ તેમજ સાથોસાથ અત્યંત કઠોર પણ ન હોવી જોઈએ. ગુનાની ગંભીરતા, તેના સંજોગો, આરોપીની ઉંમર, તેનો સામાજિક દરજ્જો, તે કયા સમાજમાંથી આવે છે તે વગેરે હકિકતોને ધ્યાને લઈ સજા અંગેનો નિર્ણય કરવાનો રહે છે. નેગો.ઈ.એકટમાં સદર જોગવાઈ સુધારાથી દાખલ કરવા પાછળનો લેજીસ્લેચરનો હેતુ બેંકોનુ કામકાજ તેના નિયમોનુસાર કોઈપણ જાતના અવરોધ વિના સતત અવિરતપણે ચાલતું રહે તે માટેનો છે. તે ઉપરાંત નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ કે જેમાં ચેક પ્રોમીસરી નોટ વગેરેનો સમાવેશ થાય છે. તેનો અવિરતપણે સતત ઉપયોગ ચાલતો રહે અને લોકોનો વિશ્વાસ તે વ્યવસ્થામાં ટકી રહે તે અંગેનો છે. સદરહુ આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી અર્થે ચેક આપ્યો છે. જે ચેક તા.૨૨/૦૪/૨૦૨૪ ના રોજ "FUNDS INSUFFICIENT" ના શેરા સાથે વગર સ્વીકારે પરત ફરેલ છે. તેથી તે કાયદા પાછળનો હેતુ ધ્યાને લેતાં આવા કેસમાં આરોપીઓ પ્રત્યે દયા રાખવી ન જોઈએ અને સમાજમાં દાખલો બેસે અને લોકોનો બેંકીંગ વ્યવસ્થામાં વિશ્વાસ ટકી રહે તે માટે આરોપીને ચોકકસપણે સજા કરવી જોઈએ તેમ હું માનુ છુ. કારણકે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર કાયદા ઘડવા પાછળનો ધારાસભાના ઈરાદાનો અસરકારક અમલ તે અદાલતની મુખ્ય ફરજ બની રહે છે અને જો તે મુજબ કરવામાં ન આવે તો લોકોનો બેંકીંગ વ્યવસ્થામાથી વિશ્વાસ ઉઠી જશે અને લોકો ચેકોનો બેફામ દુરપયોગ કરતાં થઈ જશે. અને તે કારણે ભારતીય અર્થતંત્ર જે વિકાસશીલ અર્થતંત્ર છે તેને નુકશાન થાય અને તેથી તે બધી હકિકતોને ધ્યાનમાં લેતાં આરોપીને પ્રોબેશનનો લાભ આપવો પણ યોગ્ય અને વ્યાજબી જણાતુ નથી.

(૧૬) <u>વધુમાં ૨૦૧૩(૧) જીએલઆર ૨૨૨, આર.મોહન વિરૂધ્ધ</u> **<u>એ.કે.વિજયાકુમાર</u>** ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં, નામદાર સુપ્રિમ કોર્ટે સદર એકટની કલમ–૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુનાના કેસોની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપીને સજા ફરમાવતી વખતે સંહિતાની કલમ–૩૫૭ અન્વયે ફરીયાદીને વળતર તરીકે યોગ્ય રકમ ચુકવવાનો હુકમ કરવાની હિમાયત કરી છે. જે ધ્યાને લેતાં ફરીયાદીને યોગ્ય વળતર અપાવવું ન્યાયોચિત જણાતુ હોય જેથી **"મુદ્દા નં.૨"** પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–:: આખરી હુકમ ::–</u>

1. આ કામના આરોપી **રાજેશભાઈ પરસોતમભાઈ પરમાર, રહે."ચામુંડા નિવાસ", લક્ષ્મીનગર–૩, નાનામવા રોડ, રાજકોટ** નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

2. આ કામના આરોપીએ ફરીયાદીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૭(૩) મુજબ તકરારી ચેકની રકમ આ હુકમ થયેથી દીન–૩૦ માં વળતર તરીકે ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

3. જો આરોપી આ વળતરની રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો આરોપીએ વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

4. આરોપીએ વળતરની રકમ જમા કરાવ્યેથી આ કામના ફરીયાદીએ પોતાની ઓળખનો આધાર-પુરાવો નામદાર કોર્ટમાં રજુ કર્યેથી તે રકમ તેઓને વળતર પેટે ચુકવવાની રહેશે તેવો પણ આથી હુકમ કરવામાં આવે છે.

5. ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ- ૩૬૩ અન્વયે આરોપીને જજમેન્ટની નકલ વિના મુલ્યે પુરી પાડવી.

6. આ કામે આરોપી મુદતે હાજર ન હોય તેઓ વિરૂધ્ધ હાલનો ચુકાદો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૩૫૩(૬) મુજબ તેઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ હોવાથી આરોપીના સદર કેસમાં રજુ કરવામાં આવેલ જામીન રદ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે તેમજ તેઓ વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ -૭૦ મુજબ બીનજામીન લાયક વોરંટ પણ ઈશ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા.૦૧ લી, માહે મે, સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૧/૦૫/૨૦૨૬** **(જયશ્રી પી. ગોયલ)**

**રાજકોટ.** **૦૯ માં એડી. જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**

**રાજકોટ.**

**(JUDGE CODE GJ01773)**